# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

<u>પરિપત્ર:-</u>

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, જે અભ્યાસક્રમો માટે મધ્યસ્થ પ્રવેશ સમિતિની રચના કરવામાં આવેલ હોય તે સિવાયનાં તમામ **અનુસ્નાતક(PG) તથા P.G.D.C.A.**નાં અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ માટે વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેની કાર્યવાહી કોલેજ કક્ષાએ ઓનલાઇન કરવાની રહેશે. પ્રવેશ માટેની કાર્યવાહી તા.૧૫/૧૦/૨૦૨૦થી શરૂ કરવાની રહેશે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીને <u>ગત વર્ષે આપેલ યુઝર આઇડી તથા પાસવર્ડ યથાવત રહેશે.</u> કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. મેરીટક્રમમાં આવેલ વિદ્યાર્થી ફી ભરવા આવે ત્યારે તેનું ઓરિજિનલ ડોક્યુમેન્ટસ સાથે સંસ્થાએ વેરીફીકેશન કરવાનું રહેશે. આ સમયે Covid-19ની માર્ગદર્શીકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. **(તા.૩૦/૦૫/૨૦૨૦નો અનુસ્નાતક અભ્યાસક્રમ અંગે ઇન્ટેક બાબતનો** પરિપત્ર) ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- **ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટ:-** http://bknmuadm.icrp.in → college registration and merit

કા.કુલસચિવ

બિડાણ:-

**સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ અંગેનો તા.૩૦/૦૫/૨૦૨૦નો ઇન્ટેકનો પરિપત્ર.**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૭૩૬/૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા-જૂનાગઢ.
તા.૧૪/૧૦/૨૦૨૦

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....
- માન્ય સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ......

<u>નકલ સાદર રવાના:-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>
(૧) પરીક્ષા વિભાગ.
(૨) આઇ.ટી.સેલ વિભાગ વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

વિષય: વિદ્યાર્થી પ્રવેશ અંગે ડિવીઝન તથા વર્ગવધારા બાબત

સંદર્ભ: એક્ઝીક્યુટીવ કાઉન્સિલની બેઠક નં. 19 નાં ઠરાવ ક્રમાંક 19.૨૬ , તા:૧૦/૦૨/૨૦૨૦

પરિપત્ર :

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ/સંચાલકશ્રીઓ/માન્ય સંસ્થાઓના વડા/અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે કોલેજ/સંસ્થા/અનુસ્નાતક કેન્દ્ર ધ્વારા જે સ્વનિર્ભર અભ્યાસક્રમો ચાલતા હોય તેવા અભ્યાસક્રમો માટે નિયત થયેલ નીચે મુજબની ઇન્ટેક કેપેસીટી (ડિવીઝન)થી વધુ સંખ્યામાં વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે નહિ. નિયત થયેલ મહત્તમ ડિવીઝનની મહત્તમ સંખ્યાથી વધુ પ્રવેશ આપનાર કોલેજ/સંસ્થા દંડને પાત્ર થશે તેમજ તેવી કોલેજોનાં એનરોલમેન્ટ/એનલિસ્ટમેન્ટ સ્વીકારવામાં આવશે નહિ અને તેના કારણે જે પરિસ્થિતિ ઉભી થશે તેની સંપૂર્ણ જવાબદારી જે-તે સંસ્થાની રહેશે.

| સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (UG Course) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા | ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા |
| 1 | B.A. | 1 | 130 | 7 | B.Sc.(IT) | 1 | 60 |
| 2 | B.Com. | 1 | 130 | 8 | B.Sc. (HS) | 1 | 30 |
| 3 | B.Sc. | 1 | 120 | 9 | B.R.S. | 1 | 120 |
| 4 | B.B.A. | 1 | 60 | 10 | D.M.L.T. | 1 | 60 |
| 5 | B.C.A. | 1 | 60 | 11 | P.G.D.C.A. | 1 | 60 |
| 6 | B.S.W. | 1 | 120 | 12 | LL.B. | (As Per Council) | 60/120/180 |
| | | | | 13 | BA (HS) | 1 | 130 |
| અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (PG Course) | | | | | | | |
| ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા | ક્રમ | અભ્યાસક્રમ | ડિવીઝન | સંખ્યા |
| 1 | M.Com. | 1 | 60 | 7 | LL.M. | 1 | 60 |
| 2 | M.A. | 1 | 60 | 8 | M.Sc. (Chemistry) | 1 | 20/30/40/60 |
| 3 | M.Sc. Home Science | 1 | 60 | 9 | M.Sc. (Microbiology) | 1 | 20/30/60 |
| 4 | M.Sc.(IT & CA) | 1 | 60 | 10 | M.Sc. (Physics) | 1 | 20 |
| 5 | M.R.S. | 1 | 60 | 11 | M.Sc. (Mathematics) | 1 | 20 |
| 6 | M.S.W. | 1 | 60 | | | | |

વધુમાં, સરકારી/ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોમાં રાજ્ય સરકારશ્રીનાં મંજુર ડિવીઝન (ઇન્ટેક)/રાજ્ય સરકારશ્રીનાં નિયમાનુસાર વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેવામાં આવશે. સ્વનિર્ભર સંસ્થા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માન્ય શિક્ષકો, સંભવિત વિદ્યાર્થી પ્રવેશ વગેરેને ધ્યાને લઇ સંદર્ભ-૧માં દર્શાવેલ બેઠકનાં ઠરાવ અનુસાર નીચેની વિગતે યુનિવર્સિટીમાં ફી ભરી વિદ્યાર્થી સંખ્યા વધારો (વર્ગવધારો) મેળવી શકશે. જે માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવાની રહેશે.

| સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (UG Course) | | | | અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમ (PG Course) | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | ફેકલ્ટી | વર્ગ-વધારો ફી (One Division) | વર્ગ-વધારો ફી (Half Division) | ક્રમ | ફેકલ્ટી | વર્ગ-વધારો ફી (One Division) | વર્ગ-વધારો ફી (Half Division) |
| 1 | Arts | 1,30,000/- | 65,000/- | 1 | Arts | 1,30,000/- | 65,000/- |
| 2 | Commerce | 1,30,000/- | 65,000/- | 2 | Commerce | 1,30,000/- | 65,000/- |
| 3 | Science | 1,50,000/- | 75,000/- | 3 | Science | 1,50,000/- | 75,000/- |
| ડિપ્લોમા/પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ (Diploma/ PG Diploma Course) | | | | 4 | Law | 1,50,000/- | 75,000/- |
| ક્રમ | અભ્યાસક્રમ | વર્ગ-વધારો ફી (One Division) | વર્ગ-વધારો ફી (Half Division) | 5 | MRS | 1,30,000/- | 65,000/- |
| 1 | DMLT | 1,30,000/- | 65,000/- | 6 | MSW | 1,30,000/- | 65,000/- |
| 2 | PGDCA | 1,30,000/- | 65,000/- | | | | |

કા.કુલસચિવ

નં. : બીકેએનએમયુ/રજી./૭૩૫ /૨૦૨૦

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ. તા. ૩૦/૦૫/૨૦૨૦

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના :– માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ...